# વિકાસલક્ષી પ્રત્યાયન
## (Development Communication)

## તાલીમ મેન્યુઅલ

સરદાર પટેલ લોકપ્રકાશન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ

# અનુક્રમણિકા


❖ પ્રસ્તાવના

❖ અભ્યાસક્રમ

- પૂર્વભૂમિકા
- તાલીમ કાર્યક્રમનો હેતુ
- તાલીમના ધ્યેયો
- તાલીમમાં સમાવિષ્ટ કરવાની બાબતો
- તાલીમાર્થીઓ
- તાલીમ કાર્યક્રમનો સમયગાળો અને ડીઝાઈન
- તાલીમની પધ્ધતિઓ

❖ સૂચિત તાલીમ કાર્યક્રમ

❖ વ્યાખ્યાતાઓની યાદી

❖ વ્યાખ્યાતાએ ધ્યાનમાં રાખવાની બાબતો

# પ્રસ્તાવના

*"દ્રશ્યોને વાચા નથી તો શું થયું,*
*આ ખુલ્લી રહેલ બારી ભાષા નથી તો શું છે ?*

*કાળી સડક ઉપર પ્રસ્વેદથી જે લખાતી,*
*મજૂર, થાક અને લારી ભાષા નથી તો શું છે ?*

*ફુટપાથની પથારી અને ભુખ્યુ સૂતેલ બાળક,*
*ખુલ્લી ને મૂંગી બંગલાની બારી ભાષા નથી તો શું છે ?"*

*– નિર્મિશ ઠાકર*

માણસથી માણસને જોડનારું કોઈ તત્વ હોય તો તે ધર્મ કદાચ ન હોઈ શકે, જાતિ કે જ્ઞાતિ પણ ન હોઈ શકે. રકત માત્ર પરિવાર જોડી શકે, દુનિયાને જોડવા રકતના સંબંધો ય મર્યાદિત થઈ જાય છે. ત્યારે માણસને માણસથી જોડવા માટેનો સેતુ કોઈ હોય તો તે સંચાર છે, સંવાદ છે, પ્રત્યાયન છે. પ્રત્યાયન એક શકિત સમાન હોય છે. આવા પ્રત્યાયનની શકિત શુભ હેતુ માટે કે સમાજના હિત માટે વાપરવામાં આવે ત્યારે એ પ્રત્યાયન વિકાસલક્ષી સંચાર બની જાય છે.

આધુનિક સદીમાં આજે ચારેકોર કોમ્યુનિકેશનના માધ્યમોનો ઉમેરો થઈ રહયો છે અને રોજબરોજ નવી–નવી માહિતીનો ઘટસ્ફોટ થઈ રહયો છે એવામાં માધ્યમોની આ શકિતને લોકહિતમાં લેવામાં આવે તે સમયની તાતી જરૂરિયાત છે. આવા પ્રયાસને વિકાસલક્ષી સંચાર કહેવામાં આવે છે. બે મિત્રો વચ્ચે મોબાઈલ એસએમએસથી 'હાઈ–હેલ્લો' કરવામાં આવે ત્યારે તે કોમ્યુનિકેશન થાય છે. પરંતુ આ જ મોબાઈલથી ગામડાંના ખેડૂતને એસએમએસથી હવામાનની ખબર આપવામાં આવે ત્યારે તે ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન થયું કહેવાય. ગુજરાતના વિસ્તારોમાં ભવાઈ નામક લોકમાધ્યમથી લોકો આનંદિત થતા હોય છે. પણ જયારે આ

ભવાઈ કાર્યક્રમોમાં સમાજ સુધારણાની વાત કરવામાં આવે ત્યારે તે ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન બની જાય છે. એવી જ રીતે વર્ષોથી વ્યાપ્ત સામાજિક સમસ્યાઓ અને કુરૂઢીઓ સામે સાચી વાત દિવાલો ઉપર, હોર્ડિંગ્ઝમાં કે અન્ય સ્થળે દર્શાવવામાં આવે ત્યારે તે ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનું ઉદાહરણ બની જાય છે. આવું કોમ્યુનિકેશન ઘણાં જ સારા, શુભ અને ઉપયોગી પરિણામ આપતું હોય છે.

ત્યારે સરકારી, બિનસરકારી સંસ્થાનોમાં પણ આ ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનું અત થી ઈતિ સુધીનું જ્ઞાન વધે તે હેતુથી સ્પીપા, અમદાવાદ દવારા આ માટેના ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમને વધું સરળ રીતે આપી શકાય તે માટે તાલીમનું સમગ્ર મેન્યુઅલ તાલીમકર્તાઓને વ્યાપક રીતે ઉપયોગી થશે તેવી આશા છે.

# પૂર્વ ભૂમિકા

પ્રત્યાયન અર્થાત કોમ્યુનિકેશન અર્થાત સંચાર એ જીવન હોવાનો અને જીવતા હોવાનો એક પુરાવો છે. એટલું જ નથી, પણ સંચાર વિના સંસાર અસાર જ લાગે છે. વાતચીત, સંવાદ, બોલચાલ એ પ્રત્યાયન છે. હાવ–ભાવ અને હલન ચલન બીજું કાંઈ નથી, પ્રત્યાયન જ છે. આંખનો પલકારો અને ઈશારો, હાવભાવનો હોંકારો ને એ પછીનો હાશકારો એ બધું જ પ્રત્યાયન છે, સંચાર છે, જીવનનો આધાર છે. વાતચીતનું આદાન–પ્રદાન, રજૂઆત, રટણ અને મનોમન ગણગણાટ કરતા માનવીઓ પ્રત્યાયન જ કરે છે ને...અને કયારેક તો મૌન પણ ધારદાર પ્રત્યાયન કરી જાય છે એ ય કયાં ખોટું છે...

પ્રત્યાયન વિનાનું તો પશું પણ નથી હોતું અને મહાભારતમાં જરાસંઘ વધની ઘટના એ સાબિત કરી જાય છે કે તણખલામાં ય પ્રત્યાયન કરવાની જોરદાર તાકાત રહેલી છે. પ્રત્યાયન ન હોય તો જીવનનો કોઈ અર્થ રહેતો નથી, સરતો નથી. કવિ તો પ્રત્યાયન વિનાના ભગવાનને પણ સ્વીકારવાની એકીઝાટકે મનાઈ કરી દે છે.... કવિ કહે છે કે,

*બેઠેલા બોલે નહી, ઉભેલા ન કહે આવ,*
*સૂતેલા જાગે નહી, કોને લાગું પાવ...*

આમ, પ્રત્યાયન એ જીવનનો આધાર છે. આવા આધારને જયારે રચનાત્મક રીતે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે કંઈક બેડોપાર થઈ જાય છે એ હકીકતના પુરાવા પ્રાંતે–પ્રાંતે પડેલા છે. રચનાત્મક પ્રત્યાયન એટલે કે વિકાસલક્ષી પ્રત્યાયન એટલે કે ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન એ પ્રત્યાયનનું નવું રૂપ છે અને પ્રત્યાયનના આ રૂપથી સમાજનું સ્વરૂપ બદલાય છે, સમાજના પ્રશ્નો ઉકેલાય છે અને સમસ્યાઓ દૂર થાય છે. સમાજની શકિતઓ એકબીજાથી જોડાય છે અને સમાજને સુખની કમાણી થાય છે.

એક ટ્રેઈનર તરીકે જ્યારે તમે આવા વિકાસલક્ષી પ્રત્યાયન અંગેની તાલીમ આપવા જઈ રહયાં છો ત્યારે તમે વિકાસ સંચારની સફળ ઘટનાઓથી પ્રચલિત રહો એ હેતુ નીચે કેટલીક વાતો રજૂ કરી છે.

- ગુજરાતના છેવાડાના ડાંગ જિલ્લામાં યુનિસેફ સંસ્થાએ વિકાસલક્ષી સંચારનો સરસ પ્રયોગ હાથ ધર્યો છે. સ્થાનિક આદિવાસીઓના લોકપ્રિય નૃત્ય એવા તમાશાને નવું રૂપ આપીને બાળકોને આરોગ્યમય બનાવવાનું બીડું ઝડપ્યું છે અને ઘણી સફળતા મેળવી છે.
- જૂનાગઢ જિલ્લામાં ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં લોકપ્રિય એવા ડાયરાઓ દવારા 'આફત જાગૃતિ'નાં કાર્યક્રમો કરીને સારી એવી લોકજાગૃતિ લાવ્યાનો આગાખાન ગ્રામ સહયોગ સંસ્થાએ પ્રયોગ કર્યો છે.
- તાપી જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં કોમ્યુનિટી રેડીયો શરૂ કરીને સ્થાનિક લોકોમાં સામાજિક સુરક્ષા અંગેની લોકજાગૃતિ લાવવાનો એક સફળ પ્રયોગ હાલ પણ શરૂ છે.

---

*Development Communication is a use of communication to promote social development.*

# તાલીમ કાર્યક્રમનો હેતુ

આ તાલીમ કાર્યક્રમ દવારા સરકારી તેમ જ બિન સરકારી સંસ્થાનોમાં કાર્ય કરતાં અધિકારીઓ, કર્મચારીઓ અને પદાધિકારીઓમાં ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન અંગે જાણકારી આપી તેમનામાં વલણ અને અભિગમમાં જરૂરી ફેરફારો કરવાનો છે.

છેવાડાના માનવી સુધી પહોંચી છેવાડાના માનવીના તમામ અભાવો દૂર કરી તેને પણ તમામ સુખ–સુવિધાઓ આપવી એ આજે સરકારી સંસ્થાનો અને વિભાગો પાસે મોટી જવાબદારી છે. ત્યારે લોકોનો વિશ્વાસ સંપાદન કરી લોકોને પોતાને પણ પોતાની સુખ–સુવિધા માટે જાગૃત કરી લોકોના પ્રશ્નો દૂર કરવામાં લોકભાગીદારીનું તત્વ પણ એટલું જ જરૂરી હોઈ તેનો સમાવેશ કરવા બાબતે ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની જરૂરિયાત સમજી તેનો ઉપયોગ કરવામાં આવે એ આજના સમયની જરૂરિયાત છે. આમ છતાં, નીચે મુજબના ધ્યેયો આ તાલીમ દવારા સાર્થક કરવાની ભાવના છે.

૧) સરકારમાં કામ કરતા લોકોમાં કોમ્યુનિકેશન અંગેની સમજ વિકસાવવી
૨) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન વિશે જાગૃત કરવા
૩) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના ફાયદા સમજાવવા
૪) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનો અમલ સમજાવવો
૫) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન પ્રત્યે સ્વ જવાબદારી વધારવી

# તાલીમનાં ધ્યેયો

પ્રસ્તૂત તાલીમ કાર્યક્રમનો હેતુ મુખ્યત્વે સરકારી અધિકારીઓ/કર્મચારીઓમાં ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન અંગેની માહિતી અને જાગૃતિ વધે અને એ દવારા તેઓ વિકાસના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે સક્ષમ બને એવો છે. એ ઉપરાંત નીચે મુજબના મુદાઓ વિશે તાલીમાર્થીઓ તાલીમ દરમિયાન સમજ કેળવી શકશે.

૧) કોમ્યુનિકેશનની વ્યાખ્યા, સમજૂતિ અને તેનો ઈતિહાસ
૨) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની વ્યાખ્યા, સમજૂતિ અને તેનો ઈતિહાસ
૩) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનાં સિધ્ધાંતો
૪) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનાં મોડેલો
૫) સમાજ સુધારણા અને વિકાસના કાર્યમાં ડેવલમેન્ટ કોમ્યુનિકેશનની ભૂમિકા
૫) ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના ફાયદાઓ
૬) ભારત અને ગુજરાતમાં થયેલ ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના પ્રેરક પ્રસંગો
૭) પ્રસાર માધ્યમોની ભૂમિકા
૮) આપણે શું કરી શકીએ..?

# ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની પ્રચલિત વ્યાખ્યાઓ

| ક્રમ | સંસ્થાનું નામ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની વ્યાખ્યા |
|---|---|---|
| ૧ | UN definition | “stresses the need to support two-way communication systems that enable dialogue and that allow communities to speak out, express their aspirations and concerns and participate in the decisions that relate to their development” |
| ૨ | UNICEF definition | “Systematic, planned and evidence-based strategic process to promote positive and measurable individual behaviour and social change that is an integral part of development programmes, policy advocacy and humanitarian work.” |
| ૩ | World Bank definition | Development communication is the integration of strategic communication in development projects. |

The term "development communication" was first coined in 1972 by Nora C. Quebral who defines the field as... *the art and science of human communication linked to a society's planned transformation from a state of poverty to one dynamic socio-economic growth that makes for greater equality and the larger unfolding of individual potentials.*

# તાલીમમાં સમાવિષ્ટ કરવાની બાબતો

| ક્રમ | શીખવાના મુખ્ય મુદા | શીખવાના પેટા મુદા |
|---|---|---|
| ૧ | કોમ્યુનિકેશનની સમજૂતિ અને તેના પ્રકારો | • કોમ્યુનિકેશનનો ઈતિહાસ<br>• કોમ્યુનિકેશનની વ્યાખ્યા<br>• ઓરલ કોમ્યુનિકેશન<br>• નોન વર્બલ કોમ્યુનિકેશન<br>• વન–વે, ટુ–વે કોમ્યુનિકેશન |
| | કોમ્યુનિકેશનના મોડેલો | • શેનન એન્ડ વીવરનું મોડેલ (સંદેશો લેનાર પરત સંદેશો આપનારને સંદેશો મોકલે છે)<br>• લીનીયરનું મોડેલ (સંદેશો મોકલનાર અને સંદેશો જીલનાર)<br>• માર્શલ મેકલૂહાનનું મોડેલ (પ્રત્યેક માધ્યમ |

| | | |
|---|---|---|
| | | એ જ સંદેશ છે.) |
| ૨ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની સમજૂતિ અને તેનો ઈતિહાસ | • વ્યાખ્યા અને તેની સમજૂતિ<br>• ડે.કો.નો ઈતિહાસ<br>• ડે.કો. અભ્યાસની એક શાખા તરીકે |
| ૩ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનાં સિધ્ધાંતો | • વર્લ્ડ બેંક અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડનો 'બ્રેટન વુડઝ' સિધ્ધાંત (અનસિવિલાઈઝડ સોસાયટીમાં વિકાસના બીજ રોપવા અંગે)<br>• લેટીન અમેરિકન સિધ્ધાંત (વંચિતોના વિકાસ માટે શૈક્ષણિક અને ભાગીદારપૂર્ણ અભિગમનો ઉપયોગ)<br>• ભારત અને પછાતા રાષ્ટ્રોમાં ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન |
| ૪ | સમાજ સુધારણાના કાર્યોમાં ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની ભૂમિકા | • ડાયરા, નૃત્ય જેવા લોક માધ્યમોનો શુભ હેતુ માટે ઉપયોગ<br>• પોલીયો રસીકરણ, મેલેરિયા અને અન્ય રોગચાળાને અટકાવવા ડે.કો.નો ઉપયોગ<br>• સમાજને અંધશ્રધ્ધામુકત કરવા ભવાઈ જેવા કાર્યક્રમોની નવા |

| | | |
|---|---|---|
| | | અભિગમ સાથે રજૂઆત<br>• ભ્રૂણ હત્યા અને સ્ત્રીઓ પરત્વે સમાજની કુરૂઢી બદલવા 'ધાર્મિક કથાઓ'નો ઉપયોગ<br>• અંતરિયાળ પ્રદેશોમાં ખેતી માટે જ્ઞાન પીરસવા ખેડૂતોને મોબાઈલ અને અન્ય ટેકનોલોજીનો ઉપયોગ |
| ૫ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના ફાયદાઓ | • ઝડપી અને અસરકારક સંચારથી લોકોના વલણમાં ફેરફાર<br>• પ્રશ્નો ઉકેલવા લોકભાગીદારીનો ઉદય<br>• અશિક્ષિતોના માનસ સુધી સંદેશ પહોંચાડવાની સરળતા<br>• વિકાસ માટે કંઈક કરી શકવાની શકયતા |
| | ભારત અને ગુજરાતમાં થયેલ ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની પહેલ | • ભારતના પોલીયો નાબૂદી કાર્યક્રમમાં ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનો ઉપયોગ<br>• મતદાન જાગૃતિ માટે ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનો |

| | | |
|---|---|---|
| | | ઉપયોગ<br>• વિવિધ પ્રદેશોમાં કોમ્યુનિટી રેડિયો દવારા વંચિતો સુધી વિકાસલક્ષી માહિતી પહોંચાડવા થઈ રહેલા કાર્યો<br>• યુનિસેફ દવારા ગુજરાતમાં બાળ સુરક્ષા માટે થઈ રહેલું ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન<br>• ગીર વિસ્તારમાં ભૂકંપ પરત્વે જાગૃતિ હેતુ લોકડાયરાઓમાં ડે.કો. |
| | પ્રચાર માધ્યમોની ભૂમિકા | • પ્રિન્ટ મિડિયાની ભૂમિકા<br>• ઈલેક્ટ્રોનિક મિડિયાની ભૂમિકા<br>• મોબાઈલ મિડિયાની ભૂમિકા<br>• ઈન્ટરનેટ, કોમ્યુનિટી રેડિયોની ભૂમિકા |

| | | |
|---|---|---|
| ૬ | આપણે શું કરી શકીએ...? | • ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના કાર્યક્રમોમાં ભાગીદારી<br>• નાના પાયા પર ડે.કો.ની શરૂઆત<br>• લોકોના જ માધ્યમોનો લોકહિત ખાતર ઉપયોગ |

# તાલીમાર્થીઓ

- રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારના તમામ વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ
- સીધી ભરતીથી નિમણૂંક પામતા પહેલા તાલીમ લેતા તમામ તાલીમી અથવા અજમાયશી અધિકારીઓ તથા કર્મચારીઓ
- યુનિવર્સિટીઓ, કોલેજો તથા સ્કૂલોના શૈક્ષણિક તેમ જ વહીવટી સ્ટાફ
- બોર્ડ, કોર્પોરેશન, પાલિકા તથા પંચાયતો અને જુદા જુદા એન.જી.ઓ.ના તમામ પદાધિકારીઓ, અધિકારીઓ તથા સંચાલક સભ્યો

# તાલીમ કાર્યક્રમ અને ડીઝાઈન (Training Programme & Design)

| તાલીમનો સમયગાળો | કુલ વિષય | કુલ સમય |
|---|---|---|
| દિવસ–૧ | ૬ સેશન | ૬ કલાક |

| તાલીમનો સમયગાળો | કુલ વિષય | કુલ સમય |
|---|---|---|
| દિવસ–૨ | ૬ સેશન | ૧૨ કલાક |

# એક દિવસિય તાલીમનો સૂચિત કાર્યક્રમ

| સેશન | વિગત | સમયગાળો | પધ્ધતિ |
|---|---|---|---|
| દિવસ – ૧ | | | |
| રજીસ્ટ્રેશન – ૧૦ થી ૧૦:૩૦ | | | |
| ૧ | પરિચય | ૧૦:૩૦ થી ૧૦:૪૦ | સહજ રીતે એકબીજા સાથે પરિચય |
| | વિષય પરિચય<br>• કોમ્યુનિકેશન સમજૂતિ–ઈતિહાસ<br>• કોમ્યુનિકેશનના સિધ્ધાંતો | ૧૦:૪૦ થી ૧૧:૧૦ | પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન, લેકચર પધ્ધતિ |
| ૨ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન<br>• સમજૂતિ અને ઈતિહાસ<br>• સિધ્ધાંતો અને મોડેલો | ૧૧ : ૧૦ થી ૧૨ | પીપીટી અને સમુહચર્ચા |

| | | | |
|---|---|---|---|
| ગૃપ એક્ટીવીટી – ૧૨ થી ૧૨:૨૦ (ગેમ્સ) | | | |
| ૩ | ડેવલપમેન્ટ કોમ્યુ.ની ભૂમિકા | ૧૨:૨૦ થી ૧ | પીપીટી |
| ૪ | ડેવલપમેન્ટ કોમ્યુ.ના ફાયદાઓ | ૧ થી ૧:૩૦ | પીપીટી, સમુહચર્ચા, પ્રશ્નોતરી વગેરે |
| લંચ બ્રેક – ૧:૩૦ થી ૨:૧૫ | | | |
| ૫ | ભારત– ગુજરાતમાં થયેલ ડેવ.કોમ્યુ.ના કાર્યો | ૨:૧૫ થી ૩:૧૫ | પીપીટી, સમુહચર્ચા, પ્રશ્નોતરી વગેર |
| ગૃપ એક્ટીવીટી–૩:૧૫ થી ૩:૪૫ | | | |
| ટી બ્રેક – ૩:૪૫ થી ૪ | | | |
| ૬ | પ્રસાર માધ્યમો અને સરકારી માધ્યમો તરીકે આપણી જવાબદારી | ૪ થી ૫ | પીપીટી, સમુહચર્ચા વગેરે |
| આભાર વિધિ અને ટી – ૫ થી ૫ : ૦૫ | | | |
| સર્ટીફીકેટ વિતરણ – ૫ : ૦૫ થી ૫ : ૨૦ | | | |

# બે દિવસિય તાલીમનો સૂચિત કાર્યક્રમ

| સેશન | વિગત | સમયગાળો | પધ્ધતિ |
|---|---|---|---|
| **દિવસ – ૧** | | | |
| રજીસ્ટ્રેશન – ૧૦ થી ૧૦:૩૦ | | | |
| ૧ | પરિચય | ૧૦:૩૦ થી ૧૦:૪૦ | સહજ રીતે એકબીજા સાથે પરિચય |
| | વિષય પરિચય<br>• કોમ્યુનિકેશન સમજૂતિ–ઈતિહાસ<br>• કોમ્યુનિકેશનના સિધ્ધાંતો | ૧૦:૪૦ થી ૧૧:૪૦ | પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન, લેકચર પધ્ધતિ |
| ગૃપ એક્ટીવીટી – ૧૧:૪૦ થી ૧૨:૧૦ | | | |
| ૨ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૧૨ : ૧૦ થી ૧ | પીપીટી અને |

| | | | |
|---|---|---|---|
| | • સમજૂતિ અને ઈતિહાસ<br>• સિધ્ધાંતો અને મોડેલો | | સમુહચર્ચા |
| ગૃપ એકટીવીટી – ૧ થી ૧:૩૦ | | | |
| લંચ બ્રેક – ૧:૩૦ થી ૨:૨૦ | | | |
| ગૃપ એકટીવીટી – ૨:૨૦ થી ૨:૪૦ (ગેમ્સ) | | | |
| ૩ | ડેવલપમેન્ટ કોમ્યુ.ની ભૂમિકા | ૨:૪૦ થી ૩:૪૦ | પીપીટી |
| ટી–બ્રેક – ૩ થી ૩ :૧૫ | | | |
| ૪ | ડેવલપમેન્ટ કોમ્યુ.ના ફાયદાઓ | ૩:૪૦ થી ૫ | પીપટી, સમુહચર્ચા, પ્રશ્નોતરી વગેરે |
| ગૃપ એકટીવીટી – ૫ થી ૫:૩૦ | | | |
| **દિવસ – ૨** | | | |
| ૫ | ભારત– ગુજરાતમાં થયેલ ડેવ.કોમ્યુ.ના કાર્યો | ૧૦ થી ૧૨ | પીપટી, સમુહચર્ચા, પ્રશ્નોતરી વગેર |
| ગૃપ એકટીવીટી–૧૨ થી ૧૨:૩૦ | | | |
| લંચ બ્રેક – ૧૨:૩૦ થી ૧:૩૦ | | | |
| ૬ | પ્રસાર માધ્યમો અને સરકારી માધ્યમો તરીકે આપણી જવાબદારી | ૧:૩૦ થી ૩:૩૦ | પીપીટી, સમુહચર્ચા વગેરે |
| ગૃપ એકટીવીટી – ૩:૩૦ થી ૪:૦૦ | | | |
| આભાર વિધિ અને ટી – ૪ થી ૪:૨૦ | | | |
| સર્ટીફીકેટ વિતરણ – ૪:૨૦ થી ૪:૩૦ | | | |

# તાલીમ આપવાની પધ્ધતિઓ (Training Techniques/Methodology)

ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન વિશેના આ તાલીમ કાર્યક્રમમાં ટ્રેઈનર નીચે મુજબની વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરશે. આ ઉપરાંત વિષયની જરૂરિયાત મુજબ ટ્રેઈનર તાલીમાર્થીઓ માટે કોઈ સ્થળની મુલાકાત પણ ગોઠવી શકશે.

૧) પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દવારા રજૂઆત
૨) લેકચર પધ્ધતિ
૩) જૂથ ચર્ચા
૪) અનુભવોની આપ–લે
૫) કેસ સ્ટડી
૬) રોલ પ્લે
૭) પ્રશ્નોતરી (સવાલ–જવાબ)

# વ્યાખ્યાતાઓની યાદી
# (List of Resource Person)

| અનુક્રમ | વ્યાખ્યાતાનું નામ | સંપર્ક વિગત |
|---|---|---|
| ૧ | શ્રી સંજયભાઈ દવે (ચરખા વિકાસ સંચાર નેટવર્ક) | મો. નં.૯૩૭૭૫૨૦૯૮૦ |
| ૨ | શ્રી સુરેશભાઈ મશરૂવાળા | |
| ૩ | ડો. નીતિન પટેલ | મો. નં. ૯૮૨૫૫૩૩૫૫૫<br>Email – nitinpatidar@yahoo.com |
| ૪ | ડો.આર. એસ. પટેલ | ફોન નં. ૦૭૯ – ૨૬૭૪૫૦૧૫ |
| ૫ | મલ્લીકા વાઘવાણી | મો. નં. ૯૮૭૯૫૨૦૧૨૭<br>Email - mallikawadhwani@gmail.com |

# વ્યાખ્યાતાઓએ ધ્યાનમાં રાખવાની બાબતો

ડેવલપમેન્ટ કોમ્યુનિકેશ વિષયના આ ટ્રેનિંગ મેન્યુઅલમાં તાલીમ આપનારા તમામ વ્યાખ્યાતાઓએ તાલીમને અસરકારક બનાવવા માટે નીચે મુજબની કેટલીક બાબતોનું ધ્યાન રાખી તાલીમનું સંચાલન કરવું જોઈએ.

- તાલીમની શરૂઆતમાં સમયમર્યાદાને ધ્યાને લઈ એકબીજાનો પરિચય આપવો
- શકય બને ત્યાં સુધી પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન કરવું.
- તાલીમાર્થીઓમાં રસ જળવાઈ રહે તે હેતુસર તમામ તાલીમાર્થીઓ થોડા–થોડા સમયે ચર્ચાઓમાં સામેલ કરવા.
- સમગ્ર તાલીમ દરમિયાન પ્રશ્નો પૂછતા રહેવું.
- સોંપવામાં આવેલ વિષય વસ્તુને વળગી રહેવું.
- વ્યાખ્યાનમાં જરૂરિયાત મુજબ અંગ્રેજી/ગુજરાત/હિન્દી ભાષાનો ઉપયોગ તાલીમાર્થીઓને ધ્યાનમાં લઈને કરવો.
- લેકચર પધ્ધતિમાં વ્હાઈટ બોર્ડ કે ફલીપ ચાર્ટનો પણ ઉપયોગ કરવો.
- વિષયને અનુરૂપ હોય તેવી ટૂંકી ફીલ્મ કે વિડિઓ કલીપ પણ દર્શાવવી.
- પ્રેઝેન્ટેશનમાં દર્શાવેલ ઉકિતઓ અને ખાસ વિગતોના સંદર્ભો પણ ટાંકવા.
- તાલીમ દરમિયાન તાલીમાર્થીઓનો કંટાળો દૂર કરવા વિવિધ રમતો અને પ્રવૃતિઓનો સમાવેશ કરવો.
- વ્યાખ્યાન પૂર્ણ થયે અથવા વ્યાખ્યાન પહેલા તમામ તાલીમાર્થીઓને સંદર્ભ સાહિત્ય પૂરું પાડવું.
- વ્યાખ્યાનને સૂચિત કરેલી સમય મર્યાદામાં પૂર્ણ કરવું.